# મનમોહનસિંહના મંત્રીમંડળમાં ફેરફાર

## ૨૨ પૈકી છ આંધ્રના, ત્રણ બંગાળના અને બે ગુજરાતના મંત્રી

નવી દિલ્હી,તા. ૨૮

જેની ઉત્સુકતાપૂર્વક રાજકીય વર્તુળોમાં રાહ જોવામાં આવી રહી હતી તે કેન્દ્રિય કેબિનેટમાં આજે મોટાપાયે ધરખમ ફેરફારો કરવામાં આવ્યા હતા. સલમાન ખુરશીદને નવા વિદેશમંત્રી બનાવવામાં આવ્યા છે જ્યારે સંસદીય બાબતોના પ્રધાન પવનકુમાર બંસલને રેલવે મંત્રી બનાવવામાં આવ્યા છે. સલમાન ખુરશીદની વિદેશમંત્રી તરીકેની નિમણૂંક ભારે આશ્ચર્ય જગાવે છે. તમામ નવા પ્રધાનોને આજે હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવવામાં આવ્યા હતા આની સાથે જ છેલ્લા ઘણા દિવસોથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. મનમોહનસિંહના નેતૃત્વમાં યુપીએ-૨ સરકારમાં આજે સવારે મોટાપાયે ફેરફાર કરાયા હતા. જેના ભાગરૂપે સાત કેબિનેટ, બે સ્વતંત્ર હવાલો, ૧૩ રાજ્યમંત્રીઓ સાથે કુલ ૨૨ પ્રધાનોને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવવામાં આવ્યા હતા આ ઉપરાંત અનેક પ્રધાનોના ખાતા પણ બદલી કાઢવામાં આવ્યા હતા. કેબિનેટમાં સામેલ કરવામાં આવેલા અશ્વિનીકુમારને નવા કાયદા પ્રધાન બનાવવામાં આવ્યા છે જ્યારે કેબિનેટમાં સામેલ કરવામાં આવેલા પલ્લમ રાજુને માનવસંશાધન પ્રધાન, અજય માકનને આવાસ અને ગરીબી નાબૂદી પ્રધાન, હરિશ રાવતને જળસંશાધન પ્રધાન, ચંદ્રેશકુમારીને સાંસ્કૃતિક પ્રધાન, દિનશા પટેલને કોલસા પ્રધાન બનાવવામાં આવ્યા છે. મનિષ તિવારીને માહિતી અને પ્રસારણ મંત્રાલયનો સ્વતંત્ર હવાલો સોંપવામાં આવ્યો છે. કેબિનેટમાં ફેરફારના ભાગરૂપે ૧૬ નવા ચહેરાઓ સામેલ કરવામાં આવ્યા હતા જ્યારે પાંચને બઢતી આપવામાં આવી છે. સરકારમાં લાબાગાળા બાદ શશી થરુરની વાપસી થઈ છે. ૨૨ મંત્રીઓને શપથ લેવડાવવામાં આવી હતી જે પૈકી આંધ્રપ્રદેશના છ, પશ્ચિમ બંગાળના ત્રણ, કેરળના બે, પંજાબના બે અને ગુજરાતના બે, દિલ્હી અને ઉત્તરાખંડમાંથી એક એક મંત્રી સામેલ કરવામાં આવ્યા છે. કેબિનેટના આ ફેરફારમાં ૨૧ પ્રધાનો કોંગ્રેસના જ્યારે એક એનસીના સામેલ છે. ધારણા પ્રમાણે જ રાહુલ ગાંધીનો સમાવેશ કરવામાં આવ્યો નથી. રાહુલ ગાંધીના નામ પર છેલ્લા ઘણા દિવસથી સસ્પેન્સની સ્થિતિ હતી. બીજીબાજુ શપથ કાર્યક્રમ બાદ વડાપ્રધાને પોતાની પ્રતિક્રિયા આપી હતી. કેટલાક ખાતાઓમાં મોટાપાયે ફેરફાર કરવામાં આવ્યા હતા. હાલમાં જ ઘણા પ્રધાનોએ રાજીનામાં આપ્યા હતા જેમાં સુબોધકાંત સહાય, અંબિકા સોની, એસએમ ક્રિષ્ણાનો સમાવેશ થાય છે. ૨૦૧૪માં યોજાનારી લોકસભાની ચૂંટણીને લઈને પક્ષની સ્થિતિને મજબુત કરવા આ તમામને જવાબદારી સોંપવામાં આવી છે. રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજાયેલા કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ તમામને શપથ લેવડાવ્યા હતા. સાત નવા મંત્રીઓએ કેબિનેટ રેન્ક સાથે શપથ લીધા હતા. જેમાં રાજ્યસભાના નાયબ અધ્યક્ષ કે રહેમાનખાન, કોંગ્રેસના સાંસદ ચંદ્રેશકુમાર, અજય માકન, પલ્લમ રાજુ, દિનશા પટેલ, હરિશ રાવત અને અશ્વિની કુમારનો સમાવેશ થાય છે. સલમાન ખુરશીદને વિદેશ ખાતુ અપાયુ હતુ. અગાઉ તેમની પાસે કાયદા મંત્રાલયની જવાબદારી હતી. અગાઉનું તેમનું કાયદા ખાતુ અશ્વિની કુમારને આપતા આશ્ચર્ય થયુ છે. રાહુલ ગાંધીના બે નજીકના લોકોને પણ તક આપવામાં આવી છે. વિરપ્પા મોઈલીને પેટ્રોલિયમ ખાતુ અપાયુ છે. અગાઉ તેમની પાસે કોર્પોરેટ બાબતોની જવાબદારી હતી. એસ જયપાલ રેડ્ડીને વિજ્ઞાન અને ટેક્નોલોજી તથા કમલનાથને સંસદીય બાબતોનો વધારાનો હવાલો અપાયો છે. કોંગ્રેસના પ્રવક્તા મનિષ તિવારીને માહિતી અને પ્રસારણનો સ્વતંત્ર હવાલો અપાયો છે. તેલુગુ અભિનેતા ચિરંજીવીને પ્રવાસ મંત્રાલયનો હવાલો અપાયો છે.



## ઉત્તરપ્રદેશના ફેઝાબાદ અને આસપાસના વિસ્તારોમાં સ્થિતી અતિ વિસ્ફોટક

ફેઝાબાદ,તા. ૨૮

ઉત્તરપ્રદેશના ફેઝાબાદ અને આસપાસના વિસ્તારોમાં સ્થિતી અતિ વિસ્ફોટક બની ગઈ છે. જેના કારણે સ્થિતીને કાબુમાં લેવા માટે હવે દેખો ત્યાંથી ઠાર કરોના આદેશ જારી કરવામાં આવ્યા છે. તંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા હોવા છતાં સ્થિતી હજુ બેકાબુ બનેલી છે. દુર્ગા પુજા બાદ ભડકેલી કોમી હિંસાનો દોર જારી છે. જેથી તંત્રની ઉંઘ હરામ થઈ ગઈ છે. હિંસાગ્રસ્ત વિસ્તારોમાં સઘન સુરક્ષા વ્યવસ્થા પણ ગોઠવી દેવામાં આવી છે. સંચારબંધી પણ યથાવત રીતે જારી છે. ગઈકાલે સેંકડો મુસ્લિમ લોકોએ સંચારબંધી વચ્ચે ફેઝાબાદમાં સઘન સુરક્ષા છત્ર વચ્ચે ઈદની નમાજ અદા કરી હતી. શુક્રવારની રાત્રે કલંદરના ભદરસા સહિત અનેક ગામોમાં આગ અને પથ્થરમારાના બનાવો બન્યા હતા. સ્થિતી ખુબ વિકટ બનેલી છે તેમ જણાવી પોલીસે કહ્યું છે કે સ્થિતીને સામાન્ય બનાવવા તંત્ર દ્વારા તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. હવે સ્થિતીને કાબુમાં લેવા તોફાની તત્વોને જોતાની સાથે ગોળી મારી દેવાના આદેશ જારી કરવામાં આવ્યા છે. હિંસા બાદ હજુ ચોથા દિવસે પણ સંચારબંધી યથાવતરીતે જારી છે. જો કે શનિવાર બાદથી કોઈ મોટી ઘટના બની નથી. છતાં હાલ સ્થિતી ખુબ અજંપાભરી છે. શુક્રવારે મોડી રાત્રે ફેઝાબાદમાં ફરી હિંસા ભડકી ઉઠી હતી. રાઠ હવેલી, ઘોસિયાના, ખીરવાલી ગલી અને ફતેહગંજ, ધારારોડ સહિત વિસ્તારોમાં તોફાનો થયા હતા. પોલીસના જણાવ્યા મુજબ સ્થિતી કાબુમાં છે. પરંતુ સ્થિતીને સામાન્ય બનાવવામાં હજુ સપ્તાહનો સમય લાગી શકે છે. બકરી ઈદ પહેલા શુક્રવારે નમાજ માટે વહીવટીતંત્ર તરફથી સંચારબંધીમાં રાહત આપવામાં આવી હતી. ગઈકાલે મુસ્લિમ ધર્મ ગુરૂઓ દ્વારા ઈદની નમાજ અદા કરાવવામાં આવી હતી. આમાં શાંતિ અને એખલાશનું વાતાવરણ જાળવી રાખવાની અપીલ કરવામાં આવી હતી. ઉત્તરપ્રદેશ પોલીસ અને વહીવટીતંત્રના અધિકારીઓ કાનપુર, અલ્હાબાદ, વારાણસી, આજમગઢ, અલીગઢ, મેરઠ અને આગરામાં સ્થિતી પર નજર રાખી રહ્યા છે.

## બંગાળમાંથી ત્રણને પ્રધાન બનાવી મમતા પર પ્રહાર

નવી દિલ્હી,તા. ૨૮

કોંગ્રેસે પશ્ચિમ બંગાળમાંથી ત્રણ નેતાઓને કેન્દ્રિય મંત્રી બનાવીને રાજ્યના શાસક પાર્ટી તૃણમૂલ કોંગ્રેસને ચારે બાજુથી ઘેરી લેવાના સંકેત આપી દીધા છે. અધીર રંજન ચૌધરી અને દિપાદાસ મુન્શી પહેલાથી જ મુખ્યમંત્રી મમતા બેનર્જીના નક્કર વિરોધી છે. ઉલ્લેખનિય છે કે તૃણમૂલ કોંગ્રેસે બે મહિના પહેલા જ યુપીએ સાથે છેડો ફાડી ચુકી છે. ચૌધરી અને દિપા ઉપરાંત એએચખાન ચૌધરીને પણ પ્રધાન બનાવવામાં આવ્યા છે. આ પગલાને ખુબજ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે કારણ કે રાજ્યમાં પંચાયતી ચૂંટણી યોજાનાર છે. મમતા બેનર્જીને પછડાટ આપવા યુપીએ દ્વારા તૈયારી કરી લેવામાં આવી છે. મમતાની પાર્ટી તૃણમૂલ કોંગ્રેસ અને કોંગ્રેસના ગઠબંધનને દોઢ વર્ષ પહેલા ડાબેરી મોરચાની સરકારને ફેંકી દીધી હતી. ૭૪ વર્ષીય ખાન ચૌધરી માલદા દક્ષિણ ક્ષેત્રમાંથી સાંસદ છે. જ્યારે અધીર રંજન ચૌધરી બહેરામપુર અને દિપા રાયગંજમાંથી સાંસદ છે.

પશ્ચિમ બંગાળમાં પાર્ટી મામલાઓના પ્રભારી શકિલ અહેમદે કહ્યુ છે કે ત્રણ નેતાઓને સરકારમાં સામેલ કરવામાં આવ્યા બાદ અમે ખુબજ ખુશ છીએ. ચાર નામો પર ચર્ચા કરવામાં આવી હતી. જેમાંથી પ્રદિપ ભટ્ટાચાર્યનું નામ પણ સામેલ હતુ પરંતુ પશ્ચિમ બંગાળ કોંગ્રેસ કમિટિના અધ્યક્ષપદની જવાબદારી તેઓ સંભાળશે. હજુસુધી પશ્ચિમ બંગાળમાંથી એકમાત્ર કોંગ્રેસી નેતા પ્રણવ મુખર્જી સરકારમાં મંત્રી હતા જે હાલમાં રાષ્ટ્રપતિ છે.

## વિદેશી રોકાણકારોએ ભારતીય શેરબજારમાં તેમનો વિશ્વાસ જાળવી રાખ્યો છે

### એફઆઇઆઇ દ્વારા ૧૨૦૦૦ કરોડ ઠલવાયા

મુંબઈ,તા. ૨૮

વિદેશી રોકાણકારોએ ભારતીય શેરબજારમાં તેમનો વિશ્વાસ જાળવી રાખ્યો છે. આ જ કારણસર વિદેશી રોકાણકારો મોટા પાયે રોકાણ કરી રહ્યા છે. સરકારે તાજેતરમાં આર્થિક વિકાસને ઝડપી બનાવવા લીધેલા નવા પગલા વચ્ચે વિદેશી રોકાણ પણ જારી છે.ઓક્ટોબરમાં હજુ સુધી એફઆઈઆઈ દ્વારા ૧૨૦૦૦ કરોડથી વધુ રૂપિયા અથવા તો ૨.૩ અબજ ડોલરની રકમ ઠાલવવામાં આવી છે. છેલ્લા સપ્તાહમાં પણ જંગી નાણાં ઠાલવવામાં આવ્યા હતા.પહેલી ઓક્ટોબરથી ૨૫મી ઓક્ટોબર વચ્ચેના ગાળામાં વિદેસી સંસ્થાકીય રોકાણકારોએ ૪૭૪૪૩ કરોડની કિંમતના શેરની ખરીદી કરી છે. જ્યારે વિદેશી રોકાણકારોએ ૩૫૪૩૭ કરોડની કિંમતના શેર વેચી માર્યા છે. માર્કેટ રેગ્યુલેટર સેબી પાસે ઉપલબ્ધ માહિતીમાં આ મુજબની વાત કરવામાં આવી છે.

આ તમામ ગણતરીનો ધ્યાનમાં લેવામાં આવે તો કુલ રોકાણ ૧૨૦૦૬ કરોડની આસપાસ છે. ભારતના ઈક્વિટી માર્કેટમાં એફઆઈઆઈ રોકાણ આ વર્ષે ૯૪૩૩૭ કરોડની આસપાસ છે. માર્કેટ નિષ્ણાંતો માને છે કે દેશમાં આગામી મહિનાઓમાં રોકાણમાં વધારો થશે કારણ કે હાલમાં સરકાર દ્વારા ઝડપી આર્થિક પગલા લેવામાં આવી રહ્યા છે. રોકાણના વિકલ્પ ઓછા હોવાથી ભારત હવે રોકાણ માટે આકર્ષક સ્થળ તરીકે ઉભરી આવ્યું છે. છેલ્લા ત્રણ મહિનાના ગાળામાં વિદેશી રોકાણકારોએ ૪૦૦૦૦ કરોડ રૂપિયા સ્થાનિક શેરબજારમાં ઠાલવ્યા છે. જેમાં સપ્ટેમ્બર મહિનામાં ૧૯૨૬૧ કરોડની રકમનો સમાવેશ થાય છે. સરકારે પણ વિદેશી રોકાણને વધારવા માટે હાલમાં કેટલાક અસરકારક પગલા લીધા છે. રીટેઈલમાં એફડીઆઈને મંજૂરી આપવામાં આવી છે. ડિસઈન્વેસ્ટમેન્ટની દિશામાં સરકાર ઝડપથી આગળ વધી છે.

## રાષ્ટ્રપતિએ ફોન કરીને ઠાકરેની તબિયત જાણી

રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ આજે શિવસેનાના વડા બાલ ઠાકરે સાથે ફોન પર વાતચીત કરી હતી અને તેમની તબિયત અંગે માહિતી મેળવી હતી. આજે આ મુજબની માહિતી શિવસેના દ્વારા આપવામાં આવી હતી. પક્ષના મુખપત્ર સામનામાં પ્રકાશિત થયેલા અહેવાલમાં જણાવવામાં આવ્યુ છે કે રાષ્ટ્રપતિએ શનિવારે ફોન કરીને ઠાકરે સાથે વાતચીત કરી હતી અને તેમના આરોગ્ય અંગે જાણકારી મેળવી હતી. ગયા બુધવારે શિવ પાર્કમાં આયોજિત વાર્ષિક શિવસેના દશેરા રેલીમાં ઠાકરે હાજર રહ્યા ન હતા. જેથી પાર્ટીમાં તેમના આરોગ્યને લઈને અટકળોનો દોર શરૂ થયો હતો અને ચિંતાનું મોજુ ફરી વળ્યુ હતુ. પોતાના ટૂંકા ભાષણમાં ઠાકરેએ કહ્યુ હતુ કે તેમની તબિયત એકદમ સારી નથી. શ્વાસની તકલીફ થયેલી છે.

### શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

એથી ગીતાકારની જેમ એ બે મનરૂપી અશ્વો જે રથ સાથે જોડાયેલાં છે તે રથ કલમ રથનાં બે પૈડાં તે ભાવ પક્ષ (કલ્પના પક્ષ) અને ભાષા પક્ષ (કલા પક્ષ) ઉપર ચડી લખાણની લગામ હાથમાં રાખી કાગળના કુરૂક્ષેત્ર પરથી વાચકાર્જુનને ઉપદેશ આપે છે કે, તું તારાં આ અઢારે અંગને વ્યસન-ફેશનના લાડ લડાવીશ નહીં. એ સઘળાં એક દિવસમાં મરેલાં જ છે. એ સર્વમાં વસ્તો તારો એક આત્મા જ અમર છે. એ સઘળાંનો તું દુશ્મન હોય એ રીતે એને બરાબર નીચોવી એનો કસ કાઢી લે.

જેમ કે, આંખ તો આંખથી તું એટલું અઢળક વાંચ કે વિશ્વના વિખ્યાત વિદ્વાનોમાં તારી ગણના થાય, તારા નાક-કાન ખુલ્લા રાખી તું એવો બહુશ્રુત વિદ્વાન બન કે જગત આખું તારાં વખાણ કરે! તારા હાથથી તું એવી કામગીરી કર કે તું દુનિયાનો બેજોડ બેમિસાલ માનવી મનાય. તારા પગ વડે તું આખી પૃથ્વી એવી તો ખુંદીવળ કે તને બધા વિશ્વ પ્રવાસી અને વિશ્વ - માનવી માનતા થાય. તારી છાતીને તું એવી તો વજ્જર જેવી બનાવ કે દુશ્મનનાં તીર પણ એના પર ટકરાઇ વાંકા વળી એ તીર છોડનારને જ વાગે. તારું પેટ એકલપેટું ન રહે. પણ સૌને જમાડ્યા પછી જ તું નાકું પેટ ભર! તારા નખ તું હંમેશા સ્વચ્છ રાખ, કેમ કે નખ પહેલેથી બદનામ છે. કોઇએ કહ્યું છે કે માનવ શરીર પર રૂંવાટી રૂપે ઉગતા વાળ અને નખ એ માનવીમાં રહેલી પશુતાનું પ્રતિક છે. દાંત કેવળ દાંતિયા કાઢવા કે દુશ્મનનો તમાચો ખાઇ બત્રીસી ખોવા માટે નથી. એ તો માનવ માત્ર માટે મધુરૂં મધુરૂં હાસ્ય વેરવા માટે છે. જીભ દાંતે દીધેલું અન્નદાન મહાદાન માની એને ઇષ્ટ-મિષ્ટ બનાવવા એમાં બાળરસ ભેળવવા માટે છે. કોઇનાં પર આળ ચડાવવા, ગાલ સંભળાવવા માટે જીભ નથી.

વાચક મિત્રો! હાસ્યલેખના આ સંગ્રહને હું પણ કોઇ આડો અવળો, કે વાંકોચુંકો વંકાયા વિના સીધો આવકાર આપું છું અને મસ્તરામજીના શબ્દોમાં કહીશ કે એમની કામણગીરી કલમ હજીયે વધુ કામણ કરી વાંચકોને હસાવે અને એવા હસાવે કે અઢારે અઢાર અંગ વાંકા મટી સીધાં થઇ જાય. એવી શુભેચ્છા સાથે લેખકને અભિનંદન.

અઢારેય અંગ વાંકા (હાસ્યલેખ સંગ્રહ)
લેખક - રમણલાલ છ. પટેલ
પ્રકાશક - ગૂર્જર સાહિત્ય ભવન,
રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૧
પ્રથમ આવૃત્તિ - ૨૦૧૨
કિંમત - રૂા. ૭૦, પાના - ૧૧૨

## હવે ગોવિંદાના પ્રોડક્શન હાઉસની ટૂંકમાં શરૂઆત

મુંબઈ,તા. ૨૮

વિતેલા વર્ષોના લોકપ્રિ અભિનેતા ગોવિંદાએ પ્રોડક્શન હાઉસ શરૂ કરવા તૈયારી બતાવી દીધા બાદ હવે આ પ્રોડક્શન પણ કેટલીક ફિલ્મો બનાવે તેવી શક્યતા છે. પહેલાજ નિહલાનીની ફિલ્મ અવતારમાં અભિનય કરવા જઈ રહેલા બોલિવુડ સ્ટાર ગોવિંદ આ ફિલ્મ મારફતે લાંબા ગાળા બાદ મોટા પરદા પર વાપસી કરવા આશા ધરાવે છે. ગોવિંદાનું કહેવું છે કે છેલ્લા ઘણા વર્ષોમાં તે વધારે ફિલ્મોમાં ચમક્યો નથી. બોલિવુડમાં હાલમાં એવી પ્રથા ચાલી રહી છે કે ટોચના કલાકારો ફિલ્મનું નિર્માણ કરી રહ્યા છે. ગોવિંદાનું કહેવું છે કે તે પોતાના પ્રોડક્શન હાઉસની શરૂઆત કરવા યોગ્ય સમયની રાહ જોઈ રહ્યો હતો. હવે ઈન્તજારનો ગાળો પૂરો થઈ ગયો છે. વર્ષ ૨૦૦૫માં ગોવિંદાએ સુખ ફિલ્મ બનાવી હતી. કુલી નંબર વન. હિરો નંબર વન અને પાર્ટનર જેવી લોકપ્રિય ફિલ્મોમાં ગોવિંદા કામ કરી ચુક્યો છે.

## ટોચની ૫ કંપનીઓની માર્કેટ મૂડી ૨૩૦૦૯ કરોડ ઘટી છે

નવી દિલ્હી,તા.૨૮

શેરબજારમાં છેલ્લાં સપ્તાહ દરમિયાન ટોચની પાંચ કંપનીઓની માર્કેટમૂડીમાં ૨૩૦૦૯ કરોડ રૂપિયાનો ઉલ્લેખનીય ઘટાડો થયો છે. શેરબજારમાં હાલ રહેલી ઉથલ-પાથલનાં પરિણામ સ્વરૂપે કંપનીઓની માર્કેટ મુડીમાં ઘટાડો થયો છે.ટોચની પાંચ કંપનીઓની માર્કેટ મુડીમાં ઘટાડો થવા માટે વિવિધ પરિબળો જવાબદાર છે.તહેવાર નજીક હોવાથી મુડી ઘટતા રોકાણકારો ચિંતિત બન્યા છે.છેલ્લા સપ્તાહ દરમિયાન આરઆઈએલ, ઓએનજીસી, આઈટીસી, એસબીઆઇ અને ઈન્ફોસીસની માર્કેટ મુડીમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. બીજી બાજુ ટીસીએસ, સીઆઈએલ, એચડીએફસી અને એનટીપીસીની મુડીમાં વધારો થયો છે. આઈટીસીની માર્કેટ મુડીમાં ૯૦૭૪ કરોડનો ઘટાડો થયો છે. આની સાથે જ તેની માર્કેટ મુડી ઘટીને ૨૨૪૬૫૦ કરોડ રૂપિયા થઈ ગઈ છે. એફએમસીજી કંપનીના શેરમાં સપ્તાહ દરમિયાન આશરે ચાર ટકાનો મોટો ઘટાડો થયો છે. આઈટીસી દ્વારા ૧૯મી ઓક્ટોબરના દિવસે નેટ પ્રોફિટમાં ૨૧.૨૭ ટકાનો વધારો જાહેર કરવામાં આવ્યો હતો. એસબીઆઈની માર્કેટ મુડીમાં ૫૬૦૦ કરોડનો ઘટાડો થયો છે. જેથી માર્કેટ મુડી ૧૪૫૮૩૧ કરોડ રૂપિયા થઈ ગઈ છે. આવી જ રીતે ઓએનજીસીની માર્કેટ મુડી ૩૮૫૦ કરોડ રૂપિયા ઘટીને ૨૩૪૮૯૦ કરોડ રૂપિયા થઈ ગઈ છે. ઈન્ફોસીસની માર્કેટ મુડીમાં પણ ઉલ્લેખનીય ઘટાડો થયો છે. ઘટાડો રહેતા રોકાણકારોએ પણ જંગી રકમ ગુમાવી છે. ઈન્ફોસીસની માર્કેટ મુડીમાં ૩૧૨૬ કરોડનો ઘટાડો થયો છે. જેથી તેની માર્કેટ મુડી ૨૫૮૫૧૮ કરોડ રૂપિયા થઈ ગઈ છે. બીજી બાજુ સપ્તાહ દરમિયાન કેટલીક કંપનીઓની માર્કેટ મુડીમાં વધારો પણ થયો છે. જે કંપનીઓની માર્કેટ મુડીમાં વધારો થયો છે તેમાં ટીસીએસમાં ૪૫૬૦ કરોડનો વધારો થયો છે. જેથી તેની માર્કેટ મુડી ૨૫૭૧૦૦ કરોડ સુધી પહોંચી ગઈ છે. જ્યારે આઈસીઆઈસીઆઈ બેંકની માર્કેટ મુડીમાં પણ ૨૫૯૮ કરોડનો વધારો થયો છે. જેથી માર્કેટ મુડી ૧૨૪૩૨૮ કરોડની ઉંચી સપાટીએ પહોંચી છે. એનટીપીસીની માર્કેટ વેલ્યુમાં વધારો થયો છે. તેમાં ૨૨૨૬ કરોડનો વધારો થયો ચે. એચડીએફસી અને કોલ ઈન્ડિયાની માર્કેટ મુડીમાં પણ વધારો થયો છે. જેથી લોકોમાં અને રોકાણકારોમાં ભારે ચર્ચા રહી છે. સપ્તાહમાં શેરબજારમાં કારોબાર દરમિયાન રીલાયન્સે તેની ટોચની સ્થિતી જાળવી રાખવામાં સફળતા મેળવી છે. જ્યારે ટોચની કંપનીઓમાં ટીસીએસ બીજા ક્રમે છે. અન્ય જે કંપનીઓના ક્રમશ નબંર છે તેમાં ઓએનજીસી, આઈટીસી, સીઆઈએલ એચડીફસી બેંક , એસબીઆઈ, એનટીપીસી, ઈન્ફોસીસ અને આઈસીઆઈસીઆઈનો સમાવેશ થાય છે. હવે આવતાકાલથી કારોબારની નવી શરૂઆત થશે. આ સપ્તાહમાં શેરબજારમાં કારોબાર મબહત્વપૂર્ણ રહેશે. કારણ કે મંગળવારે રીઝર્વ બેંક તેની ક્રેડિટ પોલીસીની જાહેરાત કરનાર છે.

## કેનેડામાં ૭.૭ની તીવ્રતાનો પ્રચંડ ભૂકંપ

વેનકુવર,તા. ૨૮

કેનેડાના પશ્ચિમી દરિયાકાંઠાના વિસ્તારમાં આજે ૭.૭ની તીવ્રતાનો પ્રચંડ ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જો કે આ ભૂકંપના કારણે જાનમાલના નુકસાનના કોઈ મોટા સમાચાર મળ્યા નથી. અલબત્ત અધિકારીઓએ કેટલાક વિસ્તારોમાં લોકોને સુનામીને લઈને સાવધાન રહેવા સૂચના આપી હતી. કેનેડામાં ભૂકંપના આંચકા બાદ સુનામીની ચેતવણી જારી કરાતા વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. અમેરિકી ભૂગર્ભ સર્વે દ્વારા જણાવવામાં આવ્યું છે કે ક્વિનશારલૌટે દ્વીપ વિસ્તારમાં સ્થાનિક સમય મુજબ રાત્રે આઠ વાગ્યે આ આંચકો આવ્યો હતો. આંતરરાષ્ટ્રીય સમય મુજબ વહેલી પરોઢે ત્રણ વાગે આ આંચકો આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્ર માસેટ શહેરના દક્ષિણમાં ૧૫૫ કિલોમીટરના અંતરે સ્થિત હોવાનું જાણવા મળ્યુ છે. ભૂગર્ભમાં કેન્દ્ર હોવાના કારણે મોટુ નુકસાન થયુ નથી. રાષ્ટ્રીય હવામાન વિભાગે માહિતી આપતા કહ્યુ છે કે બ્રિટીશ કોલંબિયા અને દક્ષિણી અલાસ્કાના દરિયાકાંઠાના વિસ્તારોમાં સુનામીની ચેતવણી જારી કરવામાં આવી હતી. આશરે ચાંર ઈંચના હળવા સુનામીના મોજા ક્રેગના દક્ષિણી દરિયાકાંઠાના વિસ્તારોમાં જોવા મળ્યા હતા. બ્રિટીશ કોલંબિયાની ઈમરજન્સી સેવાના જણાવ્યા મુજબ ક્વિનશારલૌટોના ઉત્તરિય વિસ્તારમાં દોઢ ફુટ ઉંચા મોજા ઉછળ્યા હતા. યુએસજીએસે કહ્યુ છે કે આ વિસ્તારમાં ૭.૭ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો આવ્યો હતો જેના કારણે લોકોમાં દહેશત દેખાઈ હતી. શક્તિશાળી આંચકા બાદ થોડાક મિનિટના ગાળામાં જ ૫.૮ની તીવ્રતાનો આંચકો આવ્યો હતો ત્યારબાદ વધુ એક આંચકો અનુભવાયો હતો. અલાસ્કામાં અમેરિકી અધિકારીઓએ કહ્યુ છે કે તમામ લોકોને ખતરાને ધ્યાનમાં લઈને તૈયાર રહેવાની ચેતવણી આપવામાં આવી હતી. કેનેડામાં રહેતા સામાન્ય લોકો તથા કેનેડામાં રહેતા વિદેશી લોકોના સગાસંબંધીઓમાં પણ પ્રચંડ ભૂકંપના કારણે ચિંતાનું મોજુ ફરી વળ્યુ હતુ અને આ સમાચાર પર સતત નજર રાખવામાં આવી હતી જો કે આને લઈને મોટી ઘાત ટળી જતા તંત્રએ રાહત અનુભવી હતી.

### નર્સ.... એક પ્રેતકથા (પાના નં. ૪ નું ચાલુ)

બંગલાના એક ભાગમાં અલગ રૂમમાં નટુ અને એક અન્ય નોકર સુતા હતા. બંગલામાં ઉપર બેડરૂમમાં રાહુલ અને શિલ્પા ઘસઘસાટ ઊંઘતા હતા.

ધીરેથી ક...ર...ર...ર...ર... અવાજ સાથે બંગલાનો ઝાંપો ખુલ્યો. જોરદાર પવનની લહેરખી આવી. સફેદ વસ્ત્રોમાં છુટ્ટા વાળ સાથે, રૂની પૂણી જેવા ચહેરે મોનિકાનો પ્રવેશ થઇ રહ્યો હતો. થોડાંક પાંદળાં ઉડી રહ્યાં હતા. ઘરના મુખ્ય હોલમાં તે પ્રવેશી હતી. ત્યાંથી તે જાણે હવામાં ઉડતી હોય તેમ નોકર નટુનાં રૂમમાં દાખલ થઇ.

અચાનક નટુની આંખ ખુલી ગઇ હતી. સામે મોનિકાનું પ્રેત જોઇ તેના હોંશકોંશ ઊડી ગયા હતા, તે ધ્રુજી ઉઠ્યો હતો. ભયંકર રીતે તે ગભરાઇને ફાંટી આંખો મોનિકાને જોઇ રહ્યો હતો. શું હવે તેનો વારો હતો?

ત્યાં મોનિકા પાછી ફરી. પુંઠ ફેરવી ઊભી રહી રડસમ અવાજે બોલી, "નટુ મારો જવાનો સમય થઇ ગયો છે. રાહુલનું ધ્યાન રાખજે." નટુને આ ત્રાસદાયક સમયમાં પણ આ અવાજ પરિચિત લાગતો હતો. અદ્દલ શેઠાણી શિલ્પાનો અવાજ હતો. હજુ તો તે કાંઇ વિચારે તે પહેલાં મોનિકાએ તેના તરફ મુખ ફેરવ્યું. ત્યાં મોનિકા ન હતી પણ શિલ્પા શેઠાણી ઊભાં હતા.

નટુ કશું સમજી ન શક્યો. પણ ત્યાં શિલ્પા બોલી, નટુ રાહુલને તારા ભરોસે મુકું છું. મને ખબર છે કે તું કશું સમજી શકતો નથી. પણ તને હું મારી વાત કરૂં જ છું. સાંભળ... અને નટુ એક્કાને થયો.

મારા પેટમાં રાહુલ હતો ત્યારે ડોકટરને ત્યાં હું અને સૂરજ બતાવવા ગયા હતા. વારંવાર જવાનું થતું હતું. તે વખતે સૂરજ આ નર્સ મોનિકાના પરિચયમાં આવ્યો હતો અને પ્રેમ પ્રગટ્યો હતો. બંનેના પ્રેમની વાત મને થોડી થોડી ખબર હતી. પરંતુ પ્રેમમાં પાગલ સૂરજે તેની સાથે છુપાં લગ્ન કરી લીધાં હતા. ઓપરેશન ટેબલ ઉપર જ મને મારી નાંખવાનું કાવત્રુ ગોઠવાયું હતું. મોટી રકમની લાલચમાં ડોકટરે મને ડિલીવરી વખતે મારી નાંખી હતી. અને આ ખુશખબર તેણે સૂરજને આપ્યા પણ હતા. પરંતુ પુત્ર પ્રેમને લીધે હું મરી ખરી પણ મારી મુક્તિ ના થઇ. અને પ્રેત બની ફરીથી મારા જ મૃત શરીરમાં દાખલ થથઇ. અને આ વાતની માત્ર મનેજ ખબર હતી. બદલો લેવા ત્યારથી જ હું તડપતી હતી. પણ પુત્રને મોટો કરવો જરૂરી હતો તેથી હું થોડો સમય શાંત રહી.

મને ખબર ન પડે તેમ મોનિકા અને સૂરજનું પ્રેમ પ્રકરણ ચાલતું રહ્યું. પણ મારાથી કશું અજાણ ન હતું. કેમ કે હું પોતે જ પ્રેત હતી.

હવે મને પાગલ બનાવી દૂર કરવાનું ફરી એક કાવત્રું ઘડાયું હતું. ડોકટરનો તેમાં પુરો સાથ હતો. મોનિકા પ્રેત ન હતી. છતાં મને તે ડરાવવા પ્રયત્ન કરતી હતી. સૂરજ કે કોઇને કયાં ખબર હતી કે હું શિલ્પા એક પ્રેત જ હતી.

અને મેં એક રાત્રે મોનિકાને ઉપરનાં માળથી ધક્કો મારી બદલો લીધો હતો.

હવે હું પોતે જ મોનિકા બની સૂરજને અને પછી ડોક્ટર કરમાકરને તેમના કર્મોનો બદલો આપતી રહી હતી. સૂરજને પાગલ બનાવી ઉપરથી નીચે મેં જ ફેંક્યો હતો અને મોનિકા ના સ્વરૂપે કરમાકરને પણ મોતને ઘાટ મેં ઉતાર્યો છે.

હવે મારે કોઇ સાથે વેર રહ્યું નથી. મને મારા રાહુલની ચિંતા છે. તું તેનું ધ્યાન રાખી સારામાં સારૂં ભવિષ્ય તેને આપજે. આ બંગલો અને સર્વ સંપત્તિ તારે નામ મેં કરી નાંખી છે. ઉપર તમામ પેપર્સ મેં બનાવી રાખ્યાં છે. મને માત્ર તારા ઉપર જ વિશ્વાસ છે. મારો જવાનો સમય થઇ ગયો છે... અલવિદા...

આમ બોલતી અને અશ્રુભીની આંખો સાથે શિલ્પા હવામાં ઓગળી ગઇ. તેનો મોક્ષ થઇ ગયો હતો.

આજે "શિલ્પા સદન" લગભગ વેરાન જેવો ભાસે છે. રાહુલ લંડનની પ્રખ્યાત કોલેજમાં ભણી રહ્યો છે અને નટુકાકા બંગલાની અને શેઠની સંપત્તિની રખેવાળી કરી રહ્યો છે.

(સમાપ્ત)